Letter No: WCDD/0244/11/2023 Dt: 01-12-2023

સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત આઇસીડીએસ ઘટકના કર્મચારીઓને
સાતમા પગારપંચનો લાભ આપવા

બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/DRA/e-file/23/2022/1465/B1**

સચિવાલય,ગાંધીનગર.

વંચાણે લીધા :

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૨૩નો સમાન ક્રમાંકનો ઠરાવ
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના તા.૧૭/૦૨/૨૦૨૩ના પત્રથી કરેલ દરખાસ્ત.

આમુખ: -

વંચાણે લીધેલ (૧) પરના ઠરાવથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઇસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગારપંચના પગારસુધારણાનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) પરના પત્રથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઇસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગારપંચના પગાર સુધારણાનો લાભ આપવા અંગેના ઠરાવની અનુસૂચિ-૧માં ક્રમ-૯માં ડ્રાઇવરની સંખ્યા ૦૧ ને બદલે ૦૬ અને ક્રમ-૧૦માં ચોકિદારની સંખ્યા ૦૬ ના બદલે ૦૧ મુજબ સુધારો કરવા દરખાસ્ત કરેલ છે.. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઇસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગારપંચના પગાર સુધારણાનો લાભ આપવા અંગેના ઠરાવની અનુસૂચિ-૧માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઇસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગારપંચના પગારસુધારણાનો લાભ આપવાના વિભાગના તા.૨૫/૦૧/૨૦૨૩ના ઠરાવ સાથે સામેલ અનુસૂચિ-૧ના ક્રમ:૦૯ અને ક્રમ:૧૦માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

| ક્રમ | સંવર્ગનુ નામ | છઠ્ઠા પગારપંચ મુજબ મંજુર થયેલ જગ્યાઓની સંખ્યા | સાતમા પગારપંચનો લાભ મળવાપાત્ર જગ્યાઓની સંખ્યા | છઠ્ઠા પગાર પંચ મુજબનુ પગાર ધોરણ (પીબી, પે બેન્ડ, ગ્રેડ પે) | સાતમા પગારપંચ મુજબ પગારધોરણ (લેવલ, પે-મેટ્રીક્ષ મુજબ લઘુતમ પગારધોરણ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૯ | ડ્રાઇવર | ૦૧ | ૦૬ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૧૯૦૦ | લેવલ-૨ (રૂ.૧૯૯૦૦) |
| ૧૦ | ચોકીદાર | ૧૦ | ૦૧ | ૧-એસ, રૂ.૪૪૪૦-૭૪૪૦, ૧૩૦૦ | **IS-1** (રૂ.૧૪૮૦૦) |

વિભાગના તા.૨૫/૦૧/૨૦૨૩ના સમાન ક્રમાંકની ઠરાવની તમામ શરતો યથાવત રહેશે. આ સુધારા ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૧૧/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.આઇ.લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.12.04
13:51:52 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/1465/B1 Branch
Approved By: Ms Jasmine Hasrat(DS,B1 Branch,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: WCDD/0244/11/2023 Dt: 01-12-2023

- નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦- ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.બનાસકાંઠા/મહેસાણા/પાટણ/કચ્છ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ૧૭-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.(ઈડીપી સેલ તથા પગાર ચકાસણી એકમ)
- પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, જિ.બનાસકાંઠા/મહેસાણા/પાટણ/કચ્છ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.બનાસકાંઠા/મહેસાણા/પાટણ/કચ્છ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, પગાર એકમ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી)
- સીસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઈટ ઉપર મુકવા સારુ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.12.04
13:51:52 +05:30

File No: WCDD/DRA/e-file/23/2022/1465/B1 Branch
Approved By: Ms Jasmine Hasrat(DS,B1 Branch,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*